પૂર્વછાયો- એક અનુપમ વારતા, સુણજ્યો સુંદર સાર ।
મુક્તાનંદ મહારાજની, હું કહું કરી વિસ્તાર ॥૧॥
મુક્તાનંદ માહંતને, મળ્યા શ્રીમહારાજ ।
તોય ઉંડી અંતરે, દલમાંઇ રહેતી દાઝ ॥૨॥
કરે કથા બહુ વારતા, અંતરે વિન ઉછરંગ ।

સંકોચ રહે શરીરમાં, નહિ અંગમાંહિ ઉમંગ ॥૩॥
તેનો તે સંશય કાપવા, આપવા અતિ આનંદ ।
વાળી વરતી અંતરે, દેખાડ્યા શ્રીરામાનંદ ॥૪॥

ચોપાઇ- મુક્તાનંદ સંત શિરોમણી, મુખે શું કહીએ મોટ્યપ ઘણી।
કરે વાત પ્રભુની વિસ્તારી, સુણી સુખી થાય નરનારી ॥૫॥
એક દિન કરી બહુ વાત, સુણિ સંત થયા રળિયાત ।
પછી બેઠા આસન પર આવી, દૃષ્ટિ અંતરમાંહિ ઠેરાવી ॥૬॥
ત્યાંતો દિઠા સ્વામી રામાનંદ, નિર્ખિ આવ્યો અંતરે આનંદ ।
મુક્તાનંદ કહે ધન્ય ધન્ય, દયાસિંધુ દીધાં દર્શન ॥૭॥
કરે સ્તવન મન મોદ ભારી, દેખી સુંદર મૂરતિ સારી ।
અતિ પ્રસન્ન વદન અનુપ, સુખ મૂરતિ સુંદરરૂપ ॥૮॥
હેતે હસી હસી જુવે સામું, પૂરે નિજસેવકની હામું ।
વળી કરે વાલપની વાત, સુણો મુક્તાનંદજી વિખ્યાત ॥૯॥
સારું સમજ્યા સંત સુજાણ, માન્યા પ્રભુ પ્રકટ પ્રમાણ ।
સ્વામી સહજાનંદ સુખરૂપ, એજ ઈષ્ટ અમારા અનુપ ॥૧૦॥
સારું થયું જે માન્યું સુજાણ, નહિ તો બહુ વિધ્યે થાત હેરાણ ।
સુણી મુક્તાનંદજીએ વાત, તેણે થયા અતિ રળિયાત ॥૧૧॥
પછી ચાલે બેસે જાગે સુવે, સ્વામી સહજાનંદજીને જુવે ।
જ્યારે કરે અંતર વરતી, દેખે સુખસાગર મૂરતિ ॥૧૨॥
પછી વાતમાં ચિત્ત ન લાગે, મન મૂર્તિમાંહિ અનુરાગે ।
એમ રહ્યું દન દોય ચ્યાર, દેખ્યો અલૌકિક ચમત્કાર ॥૧૩॥
પછી પોતાના વચન માંય, બહુ જીવને સમાધિ થાય ।
એમ અલૌકિક રીત્ય જેહ, મુક્તાનંદને દેખાડી તેહ ॥૧૪॥
વળી એક દિન એકાએકી, ચાલ્યા મારગે મુક્ત વિવેકી ।
આવ્યું અરણ્ય ને ઉવાટ મળી, જીયાં મનુષ્ય માત્ર નહિ વળી ॥૧૫॥
દન થોડો ને જાવાનું દૂર, આવી નદી આડી ભરપૂર ।
નહિ આરો ઉતરવા લાગ, કાંઠે રહે તો વિડારે વાઘ ॥૧૬॥

નદી નીર તે ઉષર જાણો, લાગી પ્યાસ ને કંઠ સુકાણો ।
દેખી સમાજ સંકટ તણો, મુક્તાનંદને મોદ છે ઘણો ॥૧૭॥
થાશે ગમતું ગોવિંદતણું, એહમાંહિ શું જાશે આપણું ।
એમ દૃઢ કર્યો ઉર થાપ, આવ્યા વિપ્રરૂપે હરિ આપ ॥૧૮॥
કહે સાધુ શું કરો છો વિચાર, આવો ઉતારૂં હું નદીપાર ।
પછી થઈ મુક્તાનંદને મોરે, મુક્યા નદી ઉતારી આ કોરે ॥૧૯॥
કહે ચાલો હું આવું છું કેડ્યે, એમ કહી રહ્યા નદી તેડ્યે ।
મુક્તાનંદે ચાલી પાછું પેખ્યું, વિપ્રરૂપ દ્રષ્ટે નવ દેખ્યું ॥૨૦॥
ત્યારે મુક્તાનંદે મન જાણી, મહાપ્રભુજીએ મહેર આણી ।
આજ આવ્યો તો કષ્ટ અપાર, તેમાં શ્રીહરિએ કરી સાર ॥૨૧॥
એમ પરચો પૂરી અવિનાશ, અતિ સુખી કર્યા નિજદાસ ।
એવા બીજા પરચા પણ ઘણા, કહીએ કેટલા મહારાજતણા ॥૨૨॥
વળી કહું એક વાત અનુપ, મોટા સંતની છે સુખરૂપ ।
એક અખંડાનંદ આનંદી, કામ ક્રોધમાં ન ચડે કદિ ॥૨૩॥
અતિ ત્યાગી ને તપસી તને, સુખ દુઃખમાં ન ડગે મને ।
ભય વિગ્રહ વિપતિ આવે, માનામાને મન ન ડોલાવે ॥૨૪॥
સદા સુખિયા સમજણ માંય, હરે ફરે હરિની ઇચ્છાય ।
ચાલ્યા એક દિવસ એકલા, સંગે સંત નહિ કોઈ ભેળા ॥૨૫॥
આવ્યા અરણ્ય ઉજાડ્યમાં સોય, જીયાં મનુષ્ય માત્ર નહિ કોય ।
તિયાં આવી વિંટ્યા વાઘ ચ્યારે, અખંડાનંદે વિચાર્યું ત્યારે ॥૨૬॥
આજ આવ્યો આ દેહનો કાળ, મારી વાઘ ખાશે તતકાળ ।
મોડું વહેલું પડત આ દેહ, એહ વાતમાં નહિ સંદેહ ॥૨૭॥
માટે આજ થયું અતિ સારું, વાઘ અર્થે આવ્યું તન મારું ।
હવે વેળ્ય ન કરવી કાંઈ, જાઉં વહેલો વાઘ પાસે ધાઈ ॥૨૮॥
ચાલ્યા અખંડાનંદજી જ્યારે, આવ્યા અલબેલો વારે ત્યારે ।
જાણ્યું જનને મારશે વાઘ, બહુ કષ્ટે થાશે તન ત્યાગ ॥૨૯॥
તેતો મુજથી કેમ સહેવાય, જોઉં હું દાસને દુઃખ થાય ।

એતો ઘટે નહિ કોઈ કાળ, પછી કોણ કહે મને દયાળ ॥૩૦॥
માટે અવશ્ય એને ઉગારું, આજ સંકટમાંહિથી તારું ।
એમ હરિએ કર્યો વિચાર, કરવી અખંડાનંદની વાર ॥૩૧॥
પછી આનંદે અખંડાનંદ, ચાલ્યા સમરતા સહજાનંદ ।
આવ્યા સિંહસમીપ તે જ્યારે, સિંહ જોઈ રહ્યા સામું ત્યારે ॥૩૨॥
આવ્યા નજીક મુખને પાસ, નહિ તન ને મનમાં ત્રાસ ।
એમ કહે છે વાઘને વાત, શું જુઓ છો કરો મારી ઘાત ॥૩૩॥
ત્યારે વાઘે તે થાપ ઉગામી, અડગ અખંડાનંદ સામી ।
ત્યાંતો ન ડર્યા નિર્ભય ભાળી, વાઘે થાપ તે પર ન વાળી ॥૩૪॥
આવ્યા વારે પોત્યે ભગવાન, થયું સાવજને ઉર જ્ઞાન ।
પછી લોટી લાગ્યા વાઘ પાય, આવા સાધુને કેમ મરાય ॥૩૫॥
પછી દઈ પ્રદક્ષિણા ચ્યાર, ગયા વાઘ તે વન મોઝાર ।
એમ પૂરી પરચો ભગવાન, નાથે ઉગારીયો નિજજન ॥૩૬॥
એક વાત કહું અતિ સાર, કરી જનની જીવને વાર ।
જેણી રીત્યે ઉગારીયા સંત, કહું તેનું હવે વરતંત ॥૩૭॥
એક કૈવલ્યાનંદ કૃપાળુ, ફરે દેશ પ્રદેશે દયાળુ ।
વાટ ઓઘટ વિકટ વન, કર્યું ગિરિગુફાએ ગમન ॥૩૮॥
એમ ફરતાં દેશ પ્રદેશ, કર્યો ગુજરધરે પ્રવેશ ।
ત્યાંથી કર્યું કંકદેશે મન, પોતા ભેળા પંચ મુનિજન ॥૩૯॥
આવ્યા સાભરતીરે સુજાણ, ન જાણે નદી પાસ મેરાણ ।
અતિ દર્શનની અભિલાષ, મને મહારાજ મળવા આશ ॥૪૦॥
અતિ પ્યાસી ઉદાસી અંતરે, એવા થકા તે આવ્યા સાભરે ।
પડ્યા ઉતાવળા પાણીમાંઈ, મને સાન ગમાન ન કાંઈ ॥૪૧॥
નદી મધ્યે આવ્યા મુનિ ધીર, આવ્યું અતિ ઉતાવળું નીર ।
આવ્યો ઘડેડાટ ઘોડો વળી, થયું વાંસજાળે જળ મળી ॥૪૨॥
તેહ મધ્યે બૂડ્યા મુનિરાય, પોથી ગોદડી ગઈ તણાય ।
બૂડીનીસરે મસ્તક બહારું, પાણી ઉતરે પેટમાં ખારું ॥૪૩॥

થયું મોતતણું મન નિશ્ચે, કિયાં જાય આવ્યા પૂર વચ્ચે ।
કહે માંહોમાંહિ એમ સંત, આ સમે ભજવા ભગવંત ॥૪૪॥
બીજે રાખવું નહિ ક્યાંય મન, કરો પ્રભુજીનું ચિંતવન ।
એમ વાત કહેતાં લાગી વાર, આવ્યા વારે ત્યાં વિશ્વઆધાર ॥૪૫॥
લાવ્યા હોડી હરિ જળમાંય, ઝટોઝટ ઝાલ્યા સંત બાંય ।
હોડીમાંય બેસારિયા હાથે, રાખ્યા સંતને બૂડતા નાથે ॥૪૬॥
પોથી ગોદડી સરવે લીધી, કોય વસ્તુ બૂડવા ન દીધી ।
સુખે ઉતારી મૂક્યા આ તીરે, કહે જાઓ મુનિ ધીરે ધીરે ॥૪૭॥
એમ ઉગારીયા નિજજન, પૂર્યો પરચો શ્રીભગવન ।
એમ કરે અનેકની સાય, તેતો મુખે કહ્યું નવ જાય ॥૪૮॥
અષ્ટ સિધ્ધિ નવ નિધિ જેહ, હાથ જોડી ઉભી રહે તેહ ।
ભવ વૈભવ વસ્ત્ર ને અન્ન, કોઈ વાતે ન પીડાય જન ॥૪૯॥
સદાસુખી દુઃખ નહિ લેશ, હરિ હરે સંકટ હમેશ ।
પૂરે પરચા અતિ અપાર, કહેશું કથા એ નિરધાર ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામી તથા અખંડાનંદ સ્વામી તથા કૈવલ્યાનંદ સ્વામીને પરચા પૂર્યા એ નામે એકસો ને એકત્રિશમું પ્રકરણમ્ ॥૧૩૧॥